॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● કારતક વદ-૧૦ ● તા. ૧૦-૧૨-૨૦૨૦ ● ગુરુવાર SDP NO: 236 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ખેડૂતોએ સરકારનો પ્રસ્તાવ ફગાવ્યો : આંદોલન વધુ ઉગ્ર બન્યું

કિસાનો દ્વારા કચ્છમાં બંધનો થયો સાવ ફિયાસ્કો

કૃષિ કાયદાઓના વિરોધમાં દિલ્હીના દ્વારે આંદોલન કરી રહેલા કિસાનોનાં સંગઠન દ્વારા મંગળવારે અપાયેલાં ભારત બંધનાં એલાનને ગુજરાતની જેમ કચ્છમાં પણ તદ્દન મોળો પ્રતિસાદ મળ્યો હતો, કિસાનોનાં મુદ્દે આંદોલન હોવા છતાં કચ્છભરના કિસાનો અળગા રહ્યા હતા. જોકે કોંગ્રેસ પક્ષે પૂરજોશમાં ઝંપલાવીને બંધને સમર્થન આપ્યું હતું, પરંતુ જનસમર્થન એમને પણ મળ્યું ન હતું. જિલ્લા મથક ભુજમાં વેપારી સંગઠન કિસાન સંઘ કે કોઈપણ સમૂહે બંધને સમર્થન ન આપતાં જનજીવન રાબેતા મુજબ ધબકયું હતું. જોકે વિરોધ પક્ષ સ્વરૂપે કોંગ્રેસ તથા અન્યોએ લડતનો મોરચો સંભાળ્યો હતો અને મુઠ્ઠીભર આગેવાનોએ જાહેર માર્ગો પર દેખાવો કરવાની શરૂઆત કરી હતી, પણ કલમ ૧૪૪ સહિતના ભંગ બદલ પોલીસે એ સૌની અટકાયત કરી લીધી હતી અને પોલીસ હેડકવાર્ટર ખસેડયા હતા. બપોર થતાં થતાં એમનો વિરોધ, રોષ અને આક્રોશ પણ શાંત પડી ગયો હતો. શહેરના કોઈપણ વિસ્તારમાં બંધની અસર નહોતી દેખાઈ. તમામ દુકાનો-કામ ધંધા ચાલુ રહ્યા હતા. માંડવીના વેપારીઓ દુવિધામાં' માંડવી : શહેરના આઝાદ ચોક મધ્યે કોંગ્રેસ તા. પ્રમુખ ખેરાજ ગઢવી, મહામંત્રી અરવિંદસિંહ જાડેજા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહિલા ઉપપ્રમુખ કલ્પનાબેન જોષી વિગેરેએ વેપારીઓને દુકાન બંધ રાખવા અને કિસાનોને ટેકો આપવા જણાવ્યું હતું.

ઉત્તર કર્ણાટક સમાજ ઝોન અને યુવાસંઘ રિજીયન માં ઉત્સાહ આવ્યો ને YSK ઘર ઘર નું અભિયાન ચલાવી ને સહુ ને સહયોગીઓ બનાવી ને પરિવાર સુરક્ષા તેમજ શ્રી સમાજ સંઘઠન માટે કટિબદ્ધ બન્યા છે.. બિદર યુવા મંડળ ના અગ્રીમ લીડર દ્વારા જણાવાયું કે અમારી નાની સંખ્યા માં અમે આવું વિચારી પણ ના શકીએ કે એક શોક ના પ્રસંગે અમે ૧૦ લાખ નો સ્મિત નો ચેક આપી સકીસુ.. પરંતુ માત્ર યુવાસંઘ સાથે નું જોડાણ એજ તો છે થિંક ગ્લોબલી એક્ટ લોકલી... ૪૫ ની સખ્યાં ધરાવતું બિદર માં ૪૦ તો અજા યોજના માં સહયોગી બન્યા જ છે.. આજે વધુ ૦૬ સભ્ય ને અજા અપનાવાઈ ને સુરક્ષિત સમાજ ના છત્ર માં લાવ્યા છે. ટૂંક સમય માં જ બીદર સમાજ માં જે સ્ત્રી કે પુરુસ ૧૮ થી ૫૫ ઉમર ના હોય એમને અજા ને અપનાવી ને કાર્ય વેધકતા નો અભિગમ પ્રદશીત કરવાનો છે..

માનવતા મહેકે છે.. આજે પણ..

મુન્દ્રા ની જન સેવા સંસ્થા દ્વારા આજે દાતા પરિવાર ના સહયોગ થી તેમના ધર્મપત્ની ના જન્મદિન પ્રસંગે ગરીબ વસાહત ના ભુલકાઓ ને દાબેલી , બિસ્કિટ નું વિતરણ કરાયું હતું ..

આજે એકવા પોઈન્ટ ના કિરણ ભાઈ પટેલ તેમના ધર્મપત્ની જાગ્રુતી બેન પટેલ ના જન્મદિન પ્રસંગે જન સેવા સાથે ગરીબ વસાહત પહોંચી સેવાકીય પ્રવ્રુતી માં જોડાયા હતા ...તેમણે જણાવ્યુ હતું કે સેવાકીય પ્રવ્રુતી કોઈ પણ હોય તેમાં સમય આપવો ખૂબ જ કઠિન છે ..

મુન્દ્રા ના બારોઈ રોડ પર આવેલ સેન્ટ ઝેવિયર્સ રોડ પર એકવા પોઈન્ટ પેઢી ના કિરણ ભાઈ પટેલ ના ધર્મપત્ની જાગ્રુતી બેન પટેલ ના જન્મદિન પ્રસંગે જન સેવા દ્વારા આજની સેવાકીય પ્રવ્રુતી હાથ ધરાઈ હતી ..

કોરોના ની પરિસ્થિતિ માં માસ્ક ફરજિયાત પહેરો ..

સેનેટાઈઝર નો ઉપયોગ કરો

ભીડ થી દૂર રહો ..

ભૂખ્યા ને ને અન્ન આપો

અન્ન નો બગાડ કરશો નહીં....

ચિંતનકણિકા

બાળક ધરાતલ પર ચોપાસ વિકસે...વિસ્તરે...

અને આકાશની ઊંચાઈઓને આંબે

એવી અપેક્ષા કોની ન હોય ?

પણ...એ માટે માતાપિતાએ પોતાની ક્ષિતિજો વિસ્તારવી રહી, કોઠાસૂઝ વિકસાવવી રહી, બાળઉછેરની સમજણ વધારવી રહી.

તો જ આ શક્ય છે...

અને તો આ શક્ય છે જ !

જીવન જીવવા માટે આવશ્યક ભૌતિક સંપત્તિની સાથે સાથે આધ્યાત્મિક ઊંચાઈને આંબવી પણ જરૂરી છે. આપણી સંસ્કૃતિએ પ્રબોધેલા ચાર પુરુષાર્થ - ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો સમન્વય સાધી શકે તે જ જીવનનો આદર્શ. આવા આદર્શ સાથે આપણું જીવન ઘડીએ.

જીવન જીવી જવાની ચીજ નથી,

જીવી જાણવાની ચીજ છે.

ચાલો, આપણે જીવવાનું શરૂ કરીએ !

મિશન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

SUV International School

હવામાન સમાચાર

ગુજરાતમાં આગામી તા.૧૦ થી ૧૩ ડિસેમ્બર સુધી વાતાવરણમાં પલટો આવવાની અને કેટલાક સ્થળે માવઠું થવાની શકયતા.



સમસ્ત પાટીદાર સમાજ વિદ્યાર્થી જોગ

સમસ્ત પાટીદારની એકતાનું ધામ
સરદારધામ
વિશ્વ પાટીદાર સમાજ
સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

શ્રી લેઉવા પટેલ પ્રગતિ મંડળ
કેળવણીધામ
શ્રી ધરમશીભાઈ એસ. મોરડિયા કુમાર છાત્રાલય

સંચાલિત
શ્રી રણછોડભાઈ હરજીભાઈ બોધરા સિવિલ સર્વિસ કેન્દ્ર

SBI PROBATIONARY OFFICERS (PO) માટે ઓનલાઈન નિ:શુલ્ક તાલીમ વર્ગો

sdkd/adv/20/020

Date : 27/11/2020

- ઈચ્છુક ઉમેદવારોએ સરદારધામ/કેળવણીધામ ખાતે www.kelavanidham.org પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. (Fill Form Civil Service Centre UPSC/GPSC Registration > Login > Apply in "SBI PO Batch")
- જાહેરાત ક્રમાંક : CRPD/PO/2020-21/21
- કુલ જગ્યાઓ – 2000
- સરકારની મંજૂરી મળ્યેથી ઓફલાઈન વર્ગો પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ આપવામાં આવશે.
- ઈચ્છુક ઉમેદવારોએ તારીખ – 27/11/2020 થી 07/12/2020 સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

તાલીમ વર્ગો તારીખ: 07/12/2020 થી ઓનલાઈન શરૂ કરવામાં આવશે

ટ્રેનિંગનું સ્થળ : કેળવણીધામ

સરનામું : ન્યુ ઈન્ડિયા કોલોની, AMTS છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, ડી-માર્ટની પાછળ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦. ફોન : 76240 91088 | 76240 91099

ગગજી સુતરિયા	નટુભાઈ પટેલ	ટી. જી. ઝાલાવાડિયા	સી.એલ. મીના (IAS Retd.)
પ્રમુખ સેવક સરદારધામ કેળવણીધામ - સરદારધામ	ઉપપ્રમુખ સરદારધામ	માનદ મંત્રી - ચેરમેન, સિવિલ સર્વિસ કેન્દ્ર (Hon.) કેળવણીધામ	ડાયરેક્ટર સિવિલ સર્વિસ કેન્દ્ર કેળવણીધામ

કોટડા (જ) શાળા એ જિલ્લા ની શ્રેષ્ઠ શાળા નો એવોર્ડ

પટેલ ભીમજી કેસરા વિદ્યાલય કોટડા (જડોદર) ની વર્ષ ૨૦૨૦ -૨૧ જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી થયેલ છે, તે બદલ આ શાળાના ભૂતપૂર્વ આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, દાતાશ્રીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીશ્રીઓ તેમજ આ શાળાના સતત વિકાસમાં જેમનો પણ ફાળો રહેલો છે તેવા નામી, અનામી તમામ જેમણે આ શાળાને શ્રેષ્ઠ બનાવવા માટે તન મન અને ધનથી કાર્ય કરેલ છે તે તમામનો કોટડા જડોદર કેળવણી સમિતિ અને શાળા પરિવાર આભાર વ્યક્ત કરે છે, આપ સર્વેનો અમને સતત માર્ગદર્શન મળતું રહેશે અને શાળા સતત પ્રગતિ ના શિખરો સર કરતી રહેશે, આભાર.

- કોટડા (જ)કેળવણી સમિતિ

કચ્છ અને ગુજરાત માં ખેતરો ફરતી તારની વાડ કરવા માટે શરત હળવી: આર્થિક સહાયમાં વધારો

રાજય સરકારે વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને નુકશાન થતુ અટકાવવા ખેતરની ફરતે લોખંડની કાંટાળી તારની વાડ બનાવવા માટે ખેડૂતોને નાણાકીય સહાય આપવાની જોગવાઈમાં વધારો કર્યો છે. ઓછામાં ઓછા ૧૦ હેકટર જમીનના જુથ બનાવીને લાભ લેવાની શરત હળવી કરીને પાંચ હેકટર કરવામાં આવી છે. આર્થિક સહાયમાં પણ વધારો કરાયો છે.

આ અંગેનો પરિપત્ર ગઈકાલે કૃષિ વિભાગે પ્રસિધ્ધ કર્યો છે. આ યોજના હેઠળ ખેડૂત - ખેડૂતોએ જુથમાં તેમની જમીનોનું કલસ્ટર બનાવી અરજી કરવાની રહેશે. તમામ કેટેગરીના ખેડૂતો. માટે ઓછામાં ઓછો પાંચ હેકટરનો વિસ્તાર (કલસ્ટર) માન્ય રહેશે, દરેક કલસ્ટર માટે ખેડૂતો દ્વારા ગુપલીડર નકકી કરવાના રહેશે . જમીનના કલસ્ટર અનુસાર લાભાર્થીઓના જુથની અરજીઓ અંગે રનીંગ મીટર દીઠ રૂપિયા ૨૦૦ અથવા ખરેખર થનાર ખર્ચના ૫૦ ટકા , બેમાંથી જે ઓછું હોય તે મુજબ સહાય મંજૂર કરવાની રહેશે.

ખેડૂત પોર્ટલ મારફત અરજી મેળવવાની રહેશે અને જિલ્લા વાર લક્ષ્યાંકની ફાળવણી માટે રાજય સરકારની મંજૂરી મેળવવાની રહેશે તેમજ વધુ અરજીઓ આવે તેવા કિસ્સામાં ઓનલાઈન ડ્રો સીસ્ટમ થી મંજૂરી આપવાની રહેશે. પરંતુ વર્ષને અંતે ડ્રો માં પસંદ ન થયેલ અરજીઓ પછીના વર્ષે કેરી ફોરવર્ડ કરવાની રહેશે જેથી લાભાર્થીએ ફરીથી અરજી કરવાની જરૂરીયાત ન રહે. અરજીને મંજૂરી આપતા પહેલા સ્થળ પર તાર ફેન્સીંગ કરેલ નથી તેની થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનથી ચકાસણી કરવાની રહેશે તેમજ કામગીરી પુર્ણ થયા બાદ પણ થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનથી ચકાસણી કરવાની રહેશે અને આખરી ચુકવણી થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન રિપોર્ટ બાદ જ કરવાની રહેશે . ચકાસણી સમય જી. પી. એસ. લોકેશન ટેગીંગ કરવાનું રહેશે . આ યોજનાની અમલીકરણ એજન્સી ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી. રહેશે